સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૭-૯-૯૮ ના

ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

::::::::::::::::::::

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૨-૮-૯૮ ના પત્ર નં.સીમીસ/૮/૧૯ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સમિતિની સભામાં હાજર રહેલા ડાયરેક્ટર ઓફ પ્લાનીંગશ્રી અને ટાઉન પ્લાનરશ્રી સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કર્યાબાદ, તૈયાર કરવામાં આવેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯(રાંદેર)ને નીચે જણાવેલ સુધારાઓ સાથે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીની મંજુરી માટે સાદર કરવા તથા તે અંગે મ્યુ.કમિશનરશ્રીને જરુરી આનુસાંગિક કાર્યવાહી કરવા માટે અધિકૃત કરવાનુ ઠરાવવામાં આવે છે.

MC/SMC
-9-98
DCP/TP

<u>સુધારાઓ</u>

૧. ફા.પ્લોટ નં.૩૨-બી અને ૩૨-સી વચ્ચેથી પસાર થતા ૧૯.૭૫ મી.ના રસ્તાને બદલે ૯.૦૦ મી.ની પહોળાઈનો રસ્તો સામેલ સ્કેચ મુજબ રાખવો અને રસ્તાના ફેરફારથી અસર પામતા ફા. પ્લોટના ક્ષેત્રફળમાં આનુસાંગિક ફેરફાર કરવા.

૨. ઓ.પી.નં.૪૩ પાસે આવેલ આર-૨૦ થી ગાર્ડનના રીઝર્વેશનની જગ્યા આ સાથે સામેલ સ્કેચમાં દર્શાવ્યા મુજબ ફેરફાર કરી ઉપરોક્ત ફેરફારથી અસર પામતા ફા. પ્લોટ નં.૪૩ના ક્ષેત્રફળમાં આનુસાંગિક ફેરફાર કરવો.

૩. ફાઈનલ પ્લોટ નં.૨૨ ની પાસે આવેલ આર-૬ થી 'સ્કુલ'ના રીઝર્વેશનવાળી જગ્યા આ સાથે સામેલ સ્કેચમાં દર્શાવ્યા મુજબ ફેરફાર કરી ~~કરી~~ ઉપરોક્ત ફેરફારથી અસર પામતા ફાઈનલ પ્લોટ નં.૨૨ ના ક્ષેત્રફળમાં આનુસાંગિક ફેરફાર કરવો.

૪. ફાઈનલ પ્લોટ નં.૩૯ માં હયાત સ્થળ સ્થિતિ ધ્યાને લઈ આ સાથે સામેલ સ્કેચમાં દર્શાવ્યા મુજબ ફેરફાર કરી ઉપરોક્ત ફેરફારથી અસર પામતા ફાઈનલ પ્લોટોના ક્ષેત્રફળમાં આનુસાંગિક ફેરફાર કરવો.

<u>ઠરાવ નં.૬૨/'૯૮ સર્વાનુમતે મંજુર.</u>

સ.ર. મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા.૮-૯-૯૮.

વાદિમા/-